ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ક્રિશા મકવાણા


જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

# એસ.એસ.વી. વિદ્યાલયનો શાનદાર કાર્નિવલ









સૅક્ટર-૩ ખાતે સ્થિત એસ.એસ.વી. વિદ્યાલય દ્વારા મેગા ઍક્સ કાર્નિવલની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ત્રિદિવસીય આ ઉજવણીનો મૂળ હેતુ વિભિન્ન ક્ષેત્રોમાં કેવી તકો રહેલી છે તે ઉજાગર કરવાનો હતો. આ ક્ષેત્રોમાં સ્ટાર્ટ અપ, જેઈઈ-ઍનઈઈટી, સરકારી સ્કૉલરશીપ, સ્પોર્ટ્સમાં કેરિયર, વર્સેટાઈલ આર્ટ્સ, ફિનોમીનલ સાયન્સ, ઍસઍસ અને તેની તકો, કૉર્પોરેટ કેરિયર, આર્ટ્સ ઍન્ડ ડિઝાઈનીંગ, ઍક્સ્ટ્રા ઍક્ઝામિનેશન જેવાં ક્ષેત્રો આવરી લેવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં ધોરણ-૫થી ૧૧ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમની અથાગ મહેનતથી આ વિશેષ કાર્યક્રમ સફળતાને વર્યો હતો. વાલીઓ, સ્થાનિક રહીશો અને નાગરિકોએ આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્નિવલનો લાભ લીધો હતો અને વિદ્યાર્થીઓની ખીલવણી માટે શાળા દ્વારા કરવામાં આવતા પ્રયાસોની સરાહના કરી હતી.



## એસ.જી અંગ્રેજી પ્રાથમિક શાળાનું ગૌરવ

ઍસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધો -૭ એમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અરવિંદ વેલમુર્ગન આદિર્વિડા જેને મસ્ક્યુલર ડિસ્ટ્રોફી થયો છે તેના વાલી વેલમુર્ગન કે .આદિર્વિડાને ઓપન પેજ ન્યૂઝપેપર દ્વારા આ વર્ષનો બેસ્ટ પૅરેન્ટ ઑફ ઍજ્યુકેટર ઍવૉર્ડ પ્રાપ્ત થયો છે.

આ બાબતને પોતાનું ગૌરવ ગણી શાળા પરિવાર વતી આચાર્ય મિલી સિંઘે વાલીને અભિનંદન પાઠવ્યા છે.

## સ્વામીનારાયણ પોલીટૅકનીકનો વાર્ષિક ઉત્સવ આજે ઉજવાશે

ગાંધીનગર, તા. ૩૦

સત્સંગ શિક્ષા પરિષદ સંચાલિત શ્રી સ્વામીનારાયણ પોલીટૅકનીક, ગાંધીનગરનો વાર્ષિક ઉત્સવ મંગળવારે આયોજિત કરવામાં આવ્યો છે.

તા. ૩૧ જાન્યુઆરી ને મંગળવારે સવારે ૯.૩૦ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઍલ ઍસ સ્પોર્ટ્સ ક્લબના ઍમડી લિહાસ ત્રિવેદી અને અતિથિ વિશેષ તરીકે કાનૂવી ફૂડ પ્રા. લિ.ના ઍમડી વૈભાશ ત્રિવેદી ઉપસ્થિત રહેશે, એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ગાંધીનગરમાં આજે નવું નાટક 'દિલનો દરિયો' પ્રસ્તુત થશે

**ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક તૈયારથી તૈયાર થયેલા શિલ્પા ઠાકર લિખિત બિમલ પરમાર દિગ્દર્શિત નાટકમાં અમદાવાદના કલાકારો અભિનય આપશે**

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી (ગાંધીનગર)ના આર્થિક સહયોગથી સાંસ્કૃતિક વારસાની જાળવણીની યોજના અંતર્ગત તૈયાર થયેલું નાટક 'દિલનો દરિયો' ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે તા. ૩૧ જાન્યુઆરી ને મંગળવારે ભજવાઈ રહ્યું છે.

શિલ્પા ઠાકર લિખિત અને બિમલ પરમાર દિગ્દર્શિત આ નવતર નાટકમાં રાજુ વાઘેલા, જસવંત પરમાર, નાદિયા હિમાની, અક્ષય પટેલ, કાજલ સોની, પૃથ્વી શાહ, વિજય દેસાઈ, મૅગી ક્રિશ્ચિયન અને નવીન સિંગલ અભિનયનાં અજવાળાં પાથરી રહ્યા છે.

દિગ્દર્શન સહાય નવીન સિંગલ, સૌનિક ઓઝા, રંગભૂષા મનુ પંડ્યા, વેશભૂષા ભારતી ડ્રેસ હાઉસ, સન્નિવેશ સાયોનારા, છાયા પ્રકાશ બળદેવભાઈ, સંગીત સંકલન કૃણાલ તમંચે, સંગીત સંચાલન પરીધ ઠક્કર, નેપથ્ય ધ્રુવ, કિરણ, શિવમ્, ધારા, અર્ચના અને નિર્માણ નિયામક તરીકે રોશની પાટીલ આ નાટકમાં પોતાની સેવાઓ આપી રહ્યાં છે. જયંતિભાઈ પરમાર, દેવેન્દ્રભાઈ પરમાર તથા દાણીલીમડા સંસ્કાર ચોરા દ્વારા આ નાટ્યનિર્માણ માટે સહાય પૂરી પાડવામાં આવી છે. ડૉ. આંબેડકર હૉલ ખાતે રાત્રે ૯ કલાકે આ નાટકનું મંચન કરવામાં આવશે.

## ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા એકમ દ્વારા રાઠોડ વાસણામાં ગ્રામ શિબિરનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૩૦

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજાની રાષ્ટ્રીય સેવા યોજનાની ગ્રામશિબિર 'સ્વચ્છ ભારત, ડિજીટલ ભારત' અંતર્ગત ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રાઠોડ વાસણા ગામમાં ગ્રામ શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ શિબિર આગામી ૩જી ફેબ્રુઆરી સુધી ચાલશે. શિબિરનું ઉદ્ઘાટન વિદ્યાપીઠના કુલસચિવ ડૉ. રાજેન્દ્ર ખીમાણી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે શિબિરાર્થીઓને સારી અને સાચી રીતે ગામના લોકોની જીવનશૈલી જાણવા અનુરોધ કર્યો હતો. સંકુલના સંયોજક ડૉ. રાજીવ પટેલે શિબિર દ્વારા વિદ્યાર્થીઓનું ઘડતર થાય તે માટે તેમનો શુભકામનાઓ પાઠવી હતી. શાળાના આચાર્ય વિપુલ રાવલે ગૂજરાત વિદ્યાપીઠ અને તેના વિદ્યાર્થીઓને સમાજને દિશા ચીંધવાનું સામાજિક દાયિત્વ નિભાવવા સૂચન કર્યું હતું.

આ પ્રસંગે સરપંચ દિલીપસિંહ, ઉપસરપંચ વિક્રમસિંહ, પંચાયતના સભ્યો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. શિબિર સંચાલક ડૉ. સંજય મકવાણાએ શિબિરની ભૂમિકા પ્રસ્તુત કરી હતી. ઉદ્ઘાટન કાર્યક્રમનું સંચાલન ડૉ. જયશ્રી મહેતાએ કર્યું હતું, આભારવિધિ ડૉ. કૈલાસ ભોયે કરી હતી. ડૉ. બાદરભાઈ કુરેશી અને રસીલાબેને શિબિર દરમિયાન સહકારની ભાવના પ્રદર્શિત કરી હતી. શિબિરમાં ગાંધી નિર્વાણ દિનની ઉજવણીના ભાગરૂપે વ્યસનમુક્તિ કાર્યક્રમ, રેલી, નાટક, સમૂહ સફાઈ, પશુનિદાન કૅમ્પ, ખેડૂત શિબિર, પોસ્ટર પ્રદર્શન, લોક સંપર્ક, સામાજિક સર્વેક્ષણ, સરકારની વિવિધ યોજના સંબંધી જાગૃતિનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

## ડાયરેક્ટ ❤ સે

અરીસાને જૂઠ્ઠા સાબિત કરવા
હવે કૅમેરા વાંહે પડ્યા છે
બાકી દોસ્ત
કોઈના અંતરમાં ઝાંખવું
એને જ
સાચી સૅલ્ફી કહેવાય

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કૉફી વિથ ડી
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ
(૩ડી હિન્દી)
૩.૪૫, ૫.૪૫, ૧૦.૧૫
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ
(૩ડી અંગ્રેજી)
૮.૦૦

**સ્ક્રીન-૪**
ધ ફ્રૂ (હિન્દી)
૧.૦૦, ૧૦.૦૦
ધ ફ્રૂ (અંગ્રેજી)
૫.૪૫
ઓકે જાનુ
૩.૧૫
હરામખોર
૮.૦૦

**સ્ક્રીન-૫**
કૉફી વિથ ડી
સવારે ૧૦.૦૦
ઓકે જાનુ
૬.૪૫
દંગલ
૩.૩૦

## મહર્ષિ અત્રિ શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૩૦

દિલ્હી ખાતે આયોજિત જીત કુને ડોની રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના ધોરણ-૧૦ના વિદ્યાર્થી પાર્થ નરેન્દ્રસિંહ સોલંકીએ ભાગ લઈ તૃતિય ક્રમનું ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

રાષ્ટ્રકક્ષાએ બ્રૉન્ઝ મૅડલ મેળવી શાળાને ગૌરવ અપાવનાર આ વિદ્યાર્થીને શાળા પરિવાર વતી ટ્રસ્ટી ભરતભાઈ ઠુંમરે બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# આલોચના : અડચણ નહીં, અવસર



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

એક જાણીતી ડિમ્ડ યુનિવર્સિટીના હોનહાર ખેલાડીની વાત છે. પ્રતિવર્ષ આ યુનિવર્સિટી કૉલેજના આશાસ્પદ જાંબાઝ રમતવીરોને નવાજવા જાજરમાન કાર્યક્રમ યોજે. આ વર્ષે પણ પરંપરા અનુસાર કૉલેજના ઑડિટોરિયમમાં ગરિમાપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો. આખું ઑડિટોરિયમ વિદ્યાર્થીઓ અને નિમંત્રિતોથી ખીચોખીચ ભરેલું હતું. કાર્યક્રમમાં સૌથી આકર્ષણરૂપ જાહેરાત હોય છે, 'સ્પોર્ટસમેન ઓફ ધ યર'ના નામની ઘોષણા.

ઉદ્‌ઘોષકે જ્યારે જણાવ્યું કે, હવે ગણમાન્ય મહાનુભાવ 'સ્પોર્ટસમેન ઓફ ધ યર' ડિકલેર કરશે અને કૉલેજના એ જવાંમર્દ, લાડકા ખેલાડીને ટ્રોફી અને પુરસ્કાર આપશે. હોલમાં 'પીનડ્રોપ સાયલંસ' છવાઈ ગયું. સૌ કોઈના કાન એ ખુશનસીબ ખેલાડીનું નામ સાંભળવા બેતાબ હતા. અને મુખ્ય મહેમાને ઘોષણા કરી 'વિવેક રાવલ'. આખું ઑડિટોરીયમ તાળીઓના ગડગડાટ અને ચિચિયારીઓથી ગુંજી ઊઠ્યું.

પણ પછી થોડી જ ક્ષણોમાં ફરી હૉલમાં શાંતિ પથરાઈ ગઈ અને પહોળી આંખે બધા જ આશ્ચર્યચકિત થઈ જોવા લાગ્યા. વિવેક એની જગા ઉપરથી ઊભો થઈને તેના ફેકલ્ટી લક્ષ્મણ રાજવીરસિંહ જ્યાં બેઠા હતા ત્યાં ગયો અને ખૂબ આદરથી તેણે લક્ષ્મણ રાજવીરસિંહને વંદન કર્યા, આશીર્વાદ લીધા. વિદ્યાર્થીઓ ફાટી આંખે આ દ્રશ્ય એટલા માટે જોઈ રહ્યા કે, આખું વર્ષ આ ફેકલ્ટી રાજવીરસિંહ સાહેબ વિવેકની પ્રત્યેક મેચ વખતે સખ્ત આલોચના અને ઝાટકણી કાઢતા. વિવેકના વિક્રમજનક દેખાવમાં પણ રાજવીરસિંહ ટીપ્પણી કરવાનું ચૂકતા નહીં બીજા ખેલાડીઓને રાજવીર સર ઉપર ખૂબ ગુસ્સો આવતો કે વિવેકની આટલી સારી રમત હોવા છતાં રાજવીર સર વિવેકને કેમ ટોકતા જાય છે. પણ આજે જ્યારે વિવેકે પ્રતિષ્ઠીત એવોર્ડ મળતાં રાજવીર સરને વંદન કર્યા ત્યારે હાજર રહેલા સૌ કોઈને આશ્ચર્ય થયું.

વિવેક તેની વિનીંગ સ્પીચમાં માત્ર એટલું જ બોલ્યો કે, "મારી પ્રત્યેક રમત વેળા રાજવીર સરની ટીપ્પણી મારા માટે હજુ વધુ સારી રમતનું લક્ષ્ય બનતી અને મને વધુ સારા દેખાવની લગની લાગતી. પરિણામે હું દિવસે દિવસે વધુને વધુ બહેતર ખેલાડી બનતો ગયો. એક દિવસ હું ભારતીય ક્રિકેટ ટીમમાં સ્થાન પ્રાપ્ત કરીને મારા દેશનું નામ રોશન કરીશ. રાજવીર સર, યુ આર આફટર માય સકસેસ..."

આલોચનામાં છે જીવન બદલવાની જબરજસ્ત તાકાત. જો એમ લાગે કે બીજાની ટીકા-ટીપ્પણી હાનિકારક છે તો સમજી લેજો કે, થોડો સમય તમારે 'બ્રેઈન સ્ટોર્મિંગ' માટે ફાળવવો જરૂરી છે. સામાન્ય રીતે કોઈને આલોચના ગમતી નથી, અને એનાં કારણો પણ હોઈ શકે. મોટા ભાગના માણસો આલોચનાને વિકાસ આડેનો અંતરાય માનીને અટકી જતા હોય છે. જ્યારે કેટલાક વિવેક જેવા મિત્રો આલોચનાને વિકાસ માટેના અવસરમાં પલટાવી નાખતા હોય છે.



હ્યુમન સાયકોલોજી એવી હોય છે કે, જ્યારે પણ કોઈ કામ કરવામાં આવે ત્યારે કાર્ય પૂર્ણ થતાં પહેલાં એના માટે લોકો શું વિચારશે ? મારા આ કાર્યથી ફલાણાભાઈ ટીકા તો નહીં કરેને ? એવા સવાલો, વિચારોના કારણે કાર્યને સર્વાંગ રીતે પરિપૂર્ણ કરવામાં મોટાં વિઘ્ન ઊભાં કરતાં હોય છે. જો કે આલોચના અંગેના આ પ્રકારના નકારાત્મક વિચારોને મનમાં પ્રવેશની છૂટ જ ન આપવી જોઈએ. તમે કાર્ય કરશો તો આલોચકો પેદા થશે. અને જો કાર્યમાં સફળતા મળશે તો સો ટકા આલોચના થવાની જ છે. કાર્ય નહીં કરો તો પણ આલોચના થવાની છે. આલોચનાના ડરને મનમાંથી ફેંકી દેવો પડે. ઓશોએ સરસ સૂત્ર આપ્યું છે કે, 'સબસે બડા રોગ, ક્યા કહેંગે લોગ...' કોઈ શું કહેશે એ વિચારો કાઢી નાખીએ અને હૃદયના ઊંડાણમાંથી આવતા અવાજને અનુસરીને કાર્ય કરીએ તો મજા પડે.

જે લોકો તમારી વારંવાર ટીકા કરે છે કે આલોચના કરે છે એમને એનો કોઈ અંદાજ જ નથી કે તમે જે જગા ઉપર છો તે જગાએ પહોંચવા માટે તમે કેટલો પરિશ્રમ કર્યો છે. તમારી ક્ષમતા, મહેનત, કુરબાનીનો એમને કોઈ ખ્યાલ જ નથી હોતો. એ લોકો તો માત્ર તમારી સફળતા જોઈને વાત કરતા હોય છે. ખરેખર તો આવા આલોચકો મનોમન સ્વીકારતા હોય છે કે, એમના કરતાં તમે ઘણા આગળ છો. એટલે આવા આલોચકોને શુભેચ્છકો જ માનવા જોઈએ. જ્યારે આલોચના થાય ત્યારે પોતાની જાતને સ્પષ્ટ કરવા માટે કૂદી પડવાથી હંમેશાં ઘર્ષણનો માહોલ ઊભો થાય છે. એક ભાઈ ઘણો બધો ખર્ચો કરીને આંગણાના બગીચામાં રંગબેરંગી ફૂલોના નવા ઘણાબધા 'ઈમ્પોર્ટેડ પ્લાન્ટ' લાવ્યા. એમના પડોશી મિત્રએ એમની ટીકા કરતાં કહ્યું આ 'ઈમ્પોર્ટેડ પ્લાન્ટ'નાં ફૂલો માત્ર દેખાવના હોય એમાં સુવાસ ન હોય. ગુલાબ, મોગરા, સેવંતી જેવા છોડ જ સારા. બસ, ખલાસ. પેલા ભાઈ પડોશી મિત્ર ઉપર તાડુકી ઊઠ્યા. તમને ગાર્ડનીંગની કંઈ ગતાગમ નથી. તમને કોઈ સમજ નથી પડતી આ પ્લાન્ટની કિંમત શું છે. તમે તો કૂવામાંના દેડકા છો... વગેરે વગેરે. વાત ઝઘડામાં પરિણમી. સો વાતની એક વાત - આલોચના થાય ત્યારે તમારા કૃત્યને સારું અને સાચું ઠેરવવા મથવામાં સાર નથી. ટીકા હંમેશાં વધુ બહેતર બનવા માટેનો માર્ગ મોકળો બનાવે છે.

ટીકાઓની એક મજા એ પણ છે કે એ તમને સતત અહેસાસ કરાવે છે કે, તમે સંપૂર્ણ નથી. અને એટલે જ એ તમારી પ્રતિભા હંમેશા જમીનથી જોડાયેલી રાખવામાં મદદરૂપ બને છે. આલોચનાના કારણે આત્મવિશ્વાસનું સમતોલન જળવાઈ રહે છે. સાથે સાથે સારા શ્રોતા બનવાનો સદગુણ પણ આમાંથી ખીલે છે.

આલોચનાને અવસરમાં પલટાવવા માટે ચાર સરળ માર્ગો છે. એક તો તમે જેને 'રોલ મૉડેલ' માનો છો એ વ્યક્તિ આ પ્રકારની આલોચના વખતે કેવી રીતે વર્ત્યા હતા તેનો અભ્યાસ કરવો જોઈએ. એ પ્રમાણે આલોચનાનો મુકાલબો કરવાથી સારો માર્ગ પ્રાપ્ત થઈ શકે. બીજું, આલોચનાને આગળ વધવાના નવા માર્ગ તરીકે કેમ ન જોઈ શકાય ? ત્રીજું, આલોચનાથી દર્દ ચોક્કસ થાય પણ એ ટીપ્પણીને વિકાસ માટે જરૂરી બાબત તરીકે જોઈ શકાય. આલોચનાના સમયે સૌથી મહત્ત્વનો ચોથો માર્ગ છે એક ઊંડો શ્વાસ લઈને મનોમન વિચારો કે, તમે ફાઈટર છો... તમે કંઈક શીખી રહ્યા છો અને આગળ વધી રહ્યા છો. અબ્રાહમ લિંકને આલોચના માટે સરસ વાત કરી હતી કે, 'જો કાર્યનું પરિણામ સારું હોય તો કોઈનીય આલોચનાની પરવા કરવાની જરૂર નથી અને જો અંતે પરિણામ યોગ્ય ન મળે તો દેવદૂતો વખાણે તો પણ કોઈ ફરક પડતો નથી.'

એ વાત તો અત્યંત સ્પષ્ટ છે કે, જે લોકો તમારી પાછળ તમારી આલોચના કરે છે એ તમારી હાજરીનું સન્માન કરે છે. હકારાત્મક આલોચના સાચો મિત્ર છે. ખોટા વખાણ તમારો ભયંકર મોટો દુશ્મન છે. જ્યાં સમજ ન પડે ત્યાં ક્યારેય આલોચના કરવાની મુર્ખામી ન કરવી. આવી સમજ વગરની ટીપ્પણીઓ મૂલ્ય વગરની બનીને રહી જાય છે. આલોચના આગળ આવવાનો અમૂલ્ય અવસર છે.

**ધબકાર**

તમે આલોચના સહન નથી કરી શકતા તો તમને કોઈની આલોચના કરવાનો અધિકાર નથી.

## કલાકુંભ અંતર્ગત ચિત્ર સ્પર્ધામાં આર ઍન પટેલ સ્કૂલ ઝળકી



કલાકુંભ : ૨૦૧૬-૧૭ અંતર્ગત સર્વ વિદ્યાલય સંકુલની તમામ પ્રાથમિક શાળાઓના ૧૧૯ વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં શ્રીમતી આર ઍન પટેલ પ્રાઈમરી સ્કૂલના ધોરણ-૭ સીની વિદ્યાર્થીની ડિમ્પલ ભરતભાઈ મકવાણાએ શ્રેષ્ઠ કલાકૃતિ બનાવી રૂા. ૧૦૦૦નો રોકડ પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે. શાળા પરિવાર વતી ડિમ્પલને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## વાચકોને આમંત્રણ

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**